# ADIVASI ARTS COMMERCE COLLEGE SANTRAMPUR

# STUDENT UNION 2023-24




WPS Office



Edit with WPS Office

# અનુક્રમણિકા


| ક્રમ | કાર્યક્રમ (Activity) | તારીખ (DATE) | Page No. |
|---|---|---|---|
| 1 | યોગ દિવસ | 21/06/2023 | 4 |
| 2 | ગુરૂપૂર્ણિમા ની ઉજવણી | 03/07/2023 | 7 |
| 3 | વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓની વર્ણી | 28/08/2023 | 9 |
| 4 | વિદ્યાર્થી યુનિયન ની પ્રથમ મીટીંગ | 04/09/2023 | 15 |
| 5 | જન્માષ્ટમી પર્વ ની ઉજવણી | 06/09/2023 | 17 |
| 6 | વિશ્વ બંધુત્વ દિન | 11/09/2023 | 20 |
| 7 | શિક્ષકદિન ની ઉજવણી | 14/09/2023 | 23 |
| 8 | કૉલેજ કેમ્પસ એમ્બેસેડર ની નિયુક્તિ | 16/09/2023 | 29 |
| 9 | વિદ્યાર્થી યુનિયન ની દ્વિતીય મિટિંગ | 25/09/2023 | 31 |
| 10 | પ્રાતઃ પ્રાર્થના | 26/09/2023 | 32 |
| 11 | યુનિયન માં કો-ઓપ્ટ સભ્યોની નિયુક્તિ | 27/09/2023 | 34 |
| 12 | નવરાત્રી પર્વ ઉજવણી અને ગરબા સ્પર્ધા | 16/10/2023 | 36 |
| 13 | પ્રિન્સિપાલ સાહેબ ને જન્મદિવસ નિમિતે ભેટ | 04/10/2023 | 41 |
| 14 | એકદિવસીય પ્રવાસ | 06/10/2024 | 43 |
| 15 | વિદ્યાર્થી યુનિયન ની તૃતીય મિટિંગ | 11/01/2024 | 48 |
| 16 | યુવા દિવસની ઉજવણી | 12/01/2024 | 49 |
| 17 | ભગવાન શ્રીરામ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ | 22/01/2024 | 51 |
| 18 | વિદ્યાર્થી યુનિયનની ચતુર્થ મિટિંગ | 05/02/2024 | 55 |
| 19 | વસંત પંચમી ની ઉજવણી | 14/02/2024 | 56 |
| 20 | વિદ્યાર્થીની યુનીયન ની પાંચમી મીટીંગ | 14/03/2024 | 61 |




Edit with WPS Office

| | | | |
|---|---|---|---|
| 21 | ધુળેટી પર્વ ની ઉજવણી | 26/03/2024 | 62 |
| 22 | વિદ્યાર્થી યુનિયન ની છઠ્ઠી મિંટિંગ (offline તથા Onlin) | 06/03/2024 | 64 |
| 23 | ડૉ બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી ની ઉજવણી તથા વાર્ષિકોત્સવ | 14/04/2024 | 67 |



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:- 21 જૂન 2023 (વિશ્વ યોગ દિવસ)



સમસ્ત વિશ્વ ને ભારતે આપેલી અમૂલ્ય ભેટ એટલે યોગ, સમસ્ત રોગો અને માનસિક તણાવ માંથી મુક થવાનું ઉપાય એટલે યોગ.

આપણી  આદીવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં STUDENT UNION,NCC થતા NSS ના સંયુક્ત ઉપક્રમે 9 મો વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.NSS તથા NCC ના વિદ્યાર્થીઓ દ્વારા

કૉલેજ ના ટેરેસ ની સફાઈ તેમજ બેસવાની વ્યવસ્થા કરવામાં આવી.



Edit with WPS Office













Edit with WPS Office

યોગ દિવસ પર યોગ,આસનો તથા પ્રાણાયામ કરાવા  વિવેકાનંદ કેન્દ્ર સંતરામપુર કર્યસ્થાંન ના સંચાલક એવાં ભરત ભાઈ ચૌહાણ, કૉલેજ ના ગ્રંથપાલ એવાં દિવ્યા બેન દરજી, તથા ડેમોસ્ટ્રેશન માં રાઘવ ડામોર  તથા આલ્માં સ્કૂલ ના નાના ભૂલકાં ઓ દ્વારા યોગ દિવસ પર વિવિધ કસરતો,

પ્રાથના,આસનો, પ્રાણાયામો, સૂર્યનમસ્કાર તથા યોગ વિશે ની માહિતી આપી તેના ફાયદા બતાવી પ્રત્યેક દિવસ નિયમિત યોગ કરવાં મટે સંકલ્પ બધ્ધ થયાં.






આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના આચાર્ય શ્રી ડો અભય પરમાર સર

તથા સમગ્ર સ્ટાફ ગણ અને કૉલેજ ના (200) જેટલા વિદ્યાર્થીઓ એ યોગ દિવસ માં ભાગ લઈ તેને સફળ બનાવ્યો.



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## Date:-03-06-2023 (ગુરૂપૂર્ણિમા ની ઉજવણી)














Edit with WPS Office



મહર્ષિ વેદ વ્યાસ જન્મ જયંતી ની યાદ રૂપે ઉજવવામાં આવતી ગુરુપૂર્ણિમા સમસ્ત વિદ્યાર્થીઓને પોતાના ગુરુજનો પ્રત્યે નો જે સંબંધ છે, તેને યાદ કરી તેમના ઋણ રૂપ તેમને વંદન અને પૂજન કરવાનો દિવસ છે.

તેથી જ આપણી કોલેજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં વિદ્યાર્થીઓ યુનિયન,NSS અને ગુજરાતી વિભાગ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.

જેમાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુપૂર્ણિમાનું મહત્વ અને પોતાના ગુરુજરોના આશીર્વાદ લઈ,તેમને તિલક કરી તેમને પુષ્પ અર્પણ કરી,તેમનો પોતાના જીવનમાં જે ઋણ છે તેના બદલ વંદન કર્યું.

ગુજરાતી વિભાગ ના અધ્યક્ષ ડૉ.શંકર પ્રજાપતિ અને પ્રોફેસર પંડ્યા સાહેબ અને વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓ દ્વારા આપણી કોલેજના આચાર્યશ્રી ડૉ.અભય પરમાર sir નું પુષ્પો અને કુમકુમ દ્વારા પૂજન કરી તેમના આશિષ મેળવ્યા.

વિદ્યાર્થીઓ એ દરેક ક્લાસની મુલાકાત લઈ સમગ્ર કોલેજ સ્ટાફ ના ગુરુજનો નું પૂજન અને આશીર્વાદ મેળવ્યા.

આચાર્યશ્રી ડૉ.અભય પરમાર સર તથા સમગ્ર સ્ટાફ ના ગુરુજનોએ વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય અને તેમના મનોરથ પૂર્ણ થાય એવી શુભેચ્છાઓ પાઠવી.


Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-28/08/2023

# (વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની વર્ણી)

વર્ષ 2023-24 માટે આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર માં મેરીટ ના આધારે વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓની વર્ણી કરવામાં આવી. સેમેસ્ટર 1 માટે ધોરણ 12 ના પરિણામોને આધારે, સેમેસ્ટર 3 માટે સેમેસ્ટર 2 ના પરિણામો ના આધારે અને સેમિસ્ટર 5 માટે સેમેસ્ટર 4 ના પરિણામો ને આધારે વિદ્યાર્થી પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી.






Edit with WPS Office

સેમિસ્ટર ચારમાં સૌથી વધારે માર્કસ મેળવનાર ડામોર રાઘવ બાબુભાઈ ની જનરલ સેક્રેટરી (GS)તરીકે નિયુક્તિ કરવામાં આવી. લબાના સત્યમ નેહરુ ભાઈ ને મદદનીશ જી.એસ તરીકે ની પસંદગી કરવામાં આવી.







Edit with WPS Office

**વિદ્યાર્થીની પ્રતિનિધિ (L.R) તરીકે સેમ ચારમાં સૌથી વધારે માર્કસ ધરાવનાર મખેજા પ્રિયાબેન દિલીપભાઈ ની વર્ણી કરવામાં આવી, તેમજ ડેપ્યુટી એલઆર તરીકે ભોઈ હેતલબેન અરવિંદભાઈ ને પસંદગી કરવામાં આવી.**







Edit with WPS Office



# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની વરણી



ફોટો : સલમાન મોરાવાલા, સંતરામપુર.

વર્ષ ૨૦૨૩/૨૪ માટે કોલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની મેરીટના આધારે વરણી કરવામાં આવી, સેમેસ્ટર ૧ માટે ધોરણ ૧૨ ના પરિણામને આધારે , સેમેસ્ટર ૩ માટે સેમેસ્ટર ૨ ના પરિણામને આધારે તેમજ સેમેસ્ટર ૫ માટે સેમેસ્ટર ૪ ના પરિણામ ના આધારે વિદ્યાર્થી પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી.

સેમેસ્ટર પાંચમાંથી સૌથી વધારે માર્ક્સ મેળવનાર ડામોર રાઘવ બાબુભાઈ ની જનરલ સેક્રેટરી (GS)તરીકે પસંદગી કરવામાં આવી. લબાના સત્યમ નહેરુભાઈ ને મદદનીશ જી એસ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીની પ્રતિનિધી(LR) તરીકે સેમેસ્ટર ચારમાં સૌથી વધારે માર્ક્સ ધરાવનાર માખીજા પ્રિયાબેન દિલીપભાઈ ની વરણી કરવામાં આવી તેમજ ડેપ્યુટી એલઆર તરીકે ભોઈ હેતલબેન અરવિંદભાઈ ની વરણી કરવામાં આવી.

આ સાથે ત્રણેય સેમેસ્ટરના દરેક વિષયના ક્લાસ રીપ્રેજન્ટેટિવ (સી.આર )ની પણ પસંદગી કરવામાં આવી હતી.

પ્રિન્સીપાલ ડૉ. અભય પરમારે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ ને ફુલહાર પહેરાવી અભિનંદન આપ્યા હતા. તેમજ વિદ્યાર્થી યુનિયન કમિટીના સભ્યો સર્વશ્રી ડોક્ટર શંકરભાઈ પ્રજાપતિ,ડૉ માલીની ગૌતમ, ડૉ.અમૃત ઠાકોર તેમજ ડોક્ટર કામિની દશોરાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ આજના દિવસને આનંદ ઉત્સવથી વધાવ્યો હતો, કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓ એ પોતાના પ્રતિનિધિઓને ખભે બેસાડીને ટીમલી નૃત્ય કર્યુ હતું.અને ઉત્સવ મનાવ્યો હતો. કોલેજ કેમ્પસ પુષ્પો અને ગુલાલના રંગોથી રંગાઈ ગયું હતું.



Edit with WPS Office

આ સાથે ત્રણેય સેમેસ્ટરના દરેક વિષયના ક્લાસ રીપ્રેઝન્ટિવ (C.R) ની પણ પસંદગી કરવામાં આવી હતી.

પ્રિન્સિપાલ ડો.અભય પરમારે પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ફુલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.







Edit with WPS Office

વિદ્યાર્થી યુનિયન કમિટીના  સભ્યો સર્વેશ્રી ડૉ.શંકર પ્રજાપતિ, ડો.માલીની ગૌતમ, ડૉ. અમૃત ઠાકોર તથા  ડૉ.કામિની દશોરાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ આજના દિવસને આનંદ ઉત્સવથી વધાવ્યો હતો, કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિનિધિઓને ખભે બેસાડીને ટીમલી નૃત્ય કર્યુ હતું, અને ઉત્સવ મનાવ્યો હતો. કોલેજ કેમ્પસ પુષ્પો અને ગુલાલના રંગોથી છવાઈ ગયુ હતું.




Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:-04/09/2023(પ્રથમ મીટીંગ)

અદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર માં 2023-24 માટેના વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની વરણી થયા બાદ આજરોજ વિદ્યાર્થીઓ ની પ્રથમ મીટીંગ યોજવામાં આવી. આચાર્ય શ્રી ડો.અભય પરમાર તથા વિદ્યાર્થી પ્રતિનિધિ કમિટીના સભ્ય સર્વશ્રી ડો.શંકર પ્રજાપતિ, માલીની ગૌતમ, અમૃત ઠાકોર તથા કામિની દશોરા ની ઉપસ્થિતિમાં આ મિટિંગ યોજાઈ.

જેમાં નિયુક્ત થયેલા જનરલ સિક્રેટરી રાઘવ ડામોર દ્વારા સર્વ વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓ ની કામગીરી તથા કોલેજની સફળતામાં,સૌ વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓની ભૂમિકા સમજાવી.

આચાર્ય શ્રી ડૉ.અભય પરમાર સાહેબ એ વિદ્યાર્થી યુનિયન ની જરૂરિયાતો તથા તેની કામગીરી વિશે માહિતી આપી, અમારો ઉત્સાહ વધાર્યો.

તથા વિદ્યાર્થી યુનિયન ના સર્વ સભ્યો દ્વારા તેમના કાર્યભારની શરૂઆત જન્માષ્ટમી પર્વ ની ઉજવણીથી કરવા માટે નો નિયોજન પ્રસ્તાવ મૂક્યો. આચાર્ય સાહેબ આનંદ સાથે આ પ્રસ્તાવને સ્વીકારી અમારો ઉત્સાહ વધાર્યો.






Edit with WPS Office















Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# Date:-06-09-2023 (જન્માષ્ટમી પર્વ ની ઉજવણી)

તારીખ:-06/09/2023 ના રોજ આપની કૉલેજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર માં સરસ મજાનો જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવાયો.











Edit with WPS Office







Edit with WPS Office

જેમાં સૌ અધ્યાપક સાહેબો તથા વિદ્યાર્થીઓ ને બાળકૃષ્ણનો પારણું ઝુલાવવાનો લાભ મળ્યો.

સાથો સાથ દહીં હાંડી મટકી ફોડ ના કાર્યક્રમ પણ યોજાયો જેમાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓ તથા યુનિયનના પ્રતિનિધિઓ અને NCC ના કેડેટ દ્વારા મટકી ફોડ ના કાર્યક્રમો યોજાયા.

સતત ત્રણ દિવસથી યુનિયનના પ્રતિનિધિઓ તથા ક્રોપ (now core )સભ્યો દ્વારા સમગ્ર આયોજન ની પૂર્વ તૈયારી ખૂબ ઉત્સાહપૂર્વક કરી અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

તેથી તમામ યુનિયનના સભ્યોને અભિનંદન, સહ આભાર.

આપણા ઉત્સાહને  આનંદ સહ સ્વીકારીને વધાવ્યો તે માટે આચાર્ય શ્રી તથા યુનિયન કમિટીના અધ્યાપકશ્રી ઓ તથા કોલેજ પરિવારનો સમગ્ર યુનિયન વતી વંદન સહ આભાર માનીએ છીએ.

આવા સફળ  આયોજન માટે સમસ્ત યુનિયન ના પ્રતિનિધિઓ ને શુભેચ્છાઓ.



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE: 11/09/ 2023(વિશ્વ બંધુત્વ દિવસ ની ઉજવણી )










**આજરોજ તારીખ 11/9/2023 ના રોજ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર અને વિવેકાનંદ કેન્દ્ર દ્વારા વિશ્વ બંધુત્વ દિવસ ની ઉજવણી કરવામાં આવી.**

**નેતૃત્વ વિકાસ કાર્યશાળા ના ભાગરૂપ તૃતીય ચરણ માં વિશ્વ બંધુત્વ દિવસ નિમિત્તે એક વ્યાખ્યાન**


Edit with WPS Office

રાખવામાં આવ્યો, જેમાં વિવેકાનંદ કેન્દ્ર ગુજરાત પ્રાંત ના સહ સંગઠક આદરણીય લોકેશભાઈ કેસરે એ  મુખ્ય વક્તા તરીકે પોતાનું વક્તવ્ય આપ્યું.

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના પ્રિન્સિપલ ડો. અભય પરમાર સર દ્વારા વક્તાશ્રીનું પુષ્પ ગુચ્છથી અને શબ્દોથી સ્વાગત કર્યું.

કાર્યક્રમનું સંચાલન:- ડામોર રાઘવ ભાઈ એ કર્યું.

કાર્યક્રમની રૂપરેખા નીચે પ્રમાણે રહી.

ઓમ - કાર પ્રાર્થના(સહનાભવતું):- રાઘવ ભાઈ

ગીત:- ભરત ભાઈ ચૌહાન

વિવેક વાણી:- વિવેક ડિંડોર

વકતા પરિચય:- અર્જુન sir

વકતા શ્રી નું ઉદ્બોધન:- આદરણીય લોકેશ ભાઈ

આહવાન:- અર્જુન ભાઈ

યુવા માર્ગદર્શન + શિબિર નું મહત્વ:- ભરત ભાઈ ચૌહાન

ઉપસ્થિતિ:- 68

અધ્યાપક શ્રી:-07

કાર્યકર્તા:-04



Edit with WPS Office

મુખ્ય વકતા શ્રી:- આ. લોકેશ ભાઈ

કુલ ઉપસ્થિતિ:- 80

આજના કાર્યક્રમમા ગુજરાતી વિભાગના અધ્યક્ષ પંડ્યા સાહેબ શંકર સાહેબ, ઇતિહાસ વિભાગના અધ્યક્ષ, અમૃત ઠાકોર સાહેબ તથા msw અને આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ના અધ્યાપક સંઘ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

અંતે શાંતી પાઠ પછી કાર્યક્રમ ની પુર્ણાહુતિ થઈ.


Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:-14/09/2023 (શિક્ષકદિન ની ઉજવણી)



















Edit with WPS Office

આજરોજ તારીખ 14/09/2023 ના રોજ આપણી કોલેજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી.

ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણ ની યાદગીરીમાં શિક્ષક દિવસ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો.

જેમાં માર્ગદર્શન રૂપે શિક્ષક દિવસની કમિટી માં

(૧) કામિની ma'am Dashora

(૨) Malini Ma'am Goutam

(2) ડો શંકર પ્રજાપતિ

સર એ બે દિવસ પહેલા જ સરસ સમય પત્રક અને વિદ્યાર્થી અધ્યાપકોની નિયુક્તિ કરી દીધી હતી.

આજરો શિક્ષક દિવસ ના નિમિત્તે સૌ વિદ્યાર્થીઓ ઉત્સાહ ભર પોતાનો અધ્યયન તથા અધ્યાપન કૌશલ્યનો ખૂબ જ સુંદર પ્રદર્શન કર્યું હતું.

સમગ્ર કોલેજનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું. જે નીચે મુજબ છે.

Principal:- RAGHAV. B. DAMOR

Vice principal:-DRASHTI UPADHYAY






Edit with WPS Office

Clark:-(૧)Vivek .J.Dindor

(૨)Taviyad Nehal

(૩)Soni Divya

(૪) Bhedi Gaytri

Accountant:-

(1)Patel Darshn.

(2)Pargi kunteshvari

(3)Bariya Sonal

(4)Arab Taniya

Breakfast & culture committee:

(1)Bhuriya Mahindra

(2)Taviyad Sita

(3)Parmar Payal

(4)Makwana Neeta

(5)Labana Satyam

(6)Katara Vinod

(7)Sisodiya Asmita



Edit with WPS Office

Discipline committee:-

(1)Bhoi Hetal

(2)Solanki kajal

(3)Damor Komal

(4)Barjod Priyanka

(5)Bhatiya Badal

Librarian

(1) Parmar Jigar

(2) Vanjara Yuvraj

(3) Panchal Payal

NCC department

ANO:- Rahul Taviyad

GCO:-Krupali Chouhan

NSS Department

(1) Dindor Vivek

(2)Raval Anita

Sevak Bhaio

(1)Kiran

(2)Ravi



Edit with WPS Office

(3) Pritesh

Sport Committee

Nehal

Ending ceremony anchor

Vaibhavi Garasiya

શિક્ષક દિવસના ભાગરૂપે ત્રણે વર્ષના( ઇતિહાસ, ગુજરાતી, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિન્દી સંસ્કૃત, અંગ્રેજી) વિવિધ વિષયો ના મળીને કુલ 60 જેટલા વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે ની કામગીરી નિભાવી.

ઉપસ્થિત(અધ્યાપકો):-60

વિવિધ કમિટી સભ્યો:-23

મુખ્ય અધ્યાપકો:-30

કુલ ઉપસ્થિતિ:-113





Edit with WPS Office




આચાર્ય સાહેબ અમારા ઉત્સવ અને અભિનંદન શુભેચ્છાથી વધાવ્યા.

સમાપન સમારો માં જ  હિન્દી દિવસની ઉજવણી પણ ડો માલિની ma'am ગૌતમ ના વક્તવ્ય રૂપે કરવામાં આવી.

Teacher day Principal & vice principal એ પોતાનાં અનુભવો તથા વિચારો રજૂ કર્યા.

સૌ વિદ્યાર્થી અધ્યાપકો દ્વારા આજ ના દિવસના પોતાના અનુભવો તથા પોતાના ગુરુજનો વિશે વક્તવ્ય આપી શિક્ષક દિવસને સફળ બનાવ્યો.

વિદ્યાર્થીઓ તરફથી કોલેજને યાદગીરી રૂપ ભેટ (5 wall ઘડિયાળ) આપવામાં આવી.

સૌ વિદ્યાર્થીઓએ તથા અધ્યાપકો સમૂહમાં અલ્પાહાર કર્યો.

રાષ્ટ્રગાન દ્વારા સમાપન સમારોહ  ની પૂર્ણાહુતી થઈ.

Ending ceremony બાદ શિક્ષક દિવસ ના બધા જ અધ્યાપકો નો કોલેજ પરિસરમાં ફોટોશૂટ રાખવામાં આવ્યો.

આવા સુંદર આયોજન બદલ સમસ્ત શિક્ષક દિવસની ટીમને ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન.


Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-16/09/2023

# (કૉલેજ કેમ્પસ એમ્બેસેડર ની નિયુકિત)

આજરોજ વિદ્યાર્થી યુનિયન ના સભ્ય એવા વિવેક જશવંતસિંહ ડીંડોર ની અત્રેની કોલેજમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકાર 123 સંતરામપુર (અ.જ.જા)અને મામલતદાર સંતરામપુરના

આદેશાનુસાર અત્રે ની કોલેજમાં કૉલેજ કેમ્પસ એમ્બેસેડર તરીકે વિવેક જસવંતસિંહ ડીંડોર નિયુક્તિ કરવામાં આવી. જેવો વિદ્યાર્થીઓ ના નવા ચૂંટણીકાર્ડ  તથા સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓના ચૂંટણી કાર્ડ કાઢવા તેમજ ચૂંટણીકાર્ડ માં સુધારા કરવા માટેનું કાર્ય હાથ ધર્યું.





Edit with WPS Office

ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત
# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
સંતરામપુર - ૩૮૯ ૨૬૦ જિલ્લો-મહીસાગર (Ph. 02675 - 220007 / 220008)
NAAC Accredited 'B+'
:: પ્રમુખ :: વનરાજસિંહ એસ. ડામોર
:: આચાર્ય :: ડૉ. અભય પરમાર
E-mail : aaccsantrampur@gmail.com
E-mail : abhayparmar728@gmail.com
www.adiwasiartsandcommercecollegesantrampur.org
*The root of education are bitter but the fruit is sweet... Aristotle*

જા.નં. ૨૯૭/૨૦૨૩

તા-૨૩-૦૯-૨૦૨૩

## નોટીસ

વિષય :- નવા ચૂંટણીકાર્ડ કઢાવવા તેમજ ચૂંટણીકાર્ડમાં સુધારા કરવા અંગે.

આથી કોલજના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે આપણી કોલેજમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી ૧૨૩-સંતરામપુર (અ.જ.જા) અને મામલતદાર સંતરામપુરના આદેશાનુસાર આપણી કોલેજમાં કેમ્પસ એમ્બેસેડર તરીકે વિવેક ડિંડોર અને જયપાલ તાવીયાડની નિયુક્તિ કરવામાં આવી છે. જેઓ નવા ચૂંટણીકાર્ડ કાઢવા તેમજ ચૂંટણીકાર્ડમાં સુધારા કરવા માટેનું કાર્ય કરશે. તો જે કોઈ વિદ્યાર્થીઓને નવા ચૂંટણીકાર્ડ કાઢવાના હોય અથવા સુધારા કરાવવાના હોય તો આ બે વિદ્યાર્થીઓનો સંપર્ક કરશો.

કેમ્પસ એમ્બેસેડર

વિવેક ડિંડોર :- **9537804811**

જયપાલ તાવીયાડ :- **7862961812**

એન.એસ.એસ કો-ઓર્ડીનેટર
ડૉ. પંકજકુમાર ચૌધરી

આચાર્યશ્રી

પ્રિન્સિપાલ
ડૉ. અભય પરમાર
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
સંતરામપુર-૩૮૯૨૬૦ જિ. મહીસાગર


Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-25/09/2023(દ્વિતીય મિટિંગ)

આજરોજ વિદ્યાર્થી યુનિયન ની દ્વિતીય મીટીંગ થઈ. જેમાં ભારતીય સંસ્કૃતિ ની પરંપરાને જાળવવા માટેની રીત એટલે કે પ્રાર્થના..!, તેથી આ મિટિંગમાં કોલેજમાં રોજ પ્રાતઃ પ્રાર્થના કરવા માટે નો નિર્ણય લેવાયો.

જેમાં વિદ્યાર્થીની યુનિયન કમિટીના સભ્ય એવા Dr.A.G.Thakor સાહેબે અમને પૂર્ણ માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપ્યું.






Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:26-09-2023(પ્રાતઃ પ્રાથના)

**ભારતીય સંસ્કૃતિ માં પ્રથાન નું ઘણું પવિત્ર સ્થાન છે. તેથી કોલેજ માં શૈક્ષણિક કાર્યની શરૂવાત માં સરસ્વતી ની અને પ્રભુની પ્રાથના થી શરુ કવાનો નિર્ણય લેવાયો.**

**પ્રાથના ના નો સમય સવારે : ૭:૫૦ થી ૦૮:૦૦**






Edit with WPS Office








Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-27/09/2023

# (યુનિયનમાં કો-ઓપ્ટ સભ્યો ની નિયુક્તિ )

વિદ્યાર્થી યુનિયન માં સભ્યોની નિયમિતતા ખૂબ અગત્યની છે, તેથી આજ રોજ વિદ્યાર્થી યુનિયનમાં કોલેજના નિયમિત અને દરેક કાર્યક્રમો માં  ઉત્સાહ પૂર્વક ભાગ લેતા વિદ્યાર્થીઓને યુનિયનમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી. વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને કૌશલ્યથી કોલેજમાં નેતૃત્વની સુંદર વ્યવસ્થા ઊભી થાય એ જ હેતું થી આ નિયુકિત કરવામાં આવી.

આચાર્ય સાહેબ તથા વિદ્યાર્થી યુનિયન ની કમિટી ના સાહેબશ્રી ઓ એ આ પ્રસ્તાવ ને આનંદ સહ સત્કાર્યો.






Edit with WPS Office

તા - 27/09/2023

પ્રતિ શ્રી

પ્રિન્સિપાલ સર

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર

વિષય:- યુનિયન માં કૉ-ઓપ્ટ સભ્યો ઉમેરવા બાબત.

નમસ્કાર સર સવિનય અનુરોધ સહ વિનંતી કરીએ છીએ કે, યુનિયનમાં સભ્યોની નિયમિતતા જરૂરી હોય છે. તેથી નીચે આપેલી યાદીના વિદ્યાર્થીઓ નિયમિત કોલેજના બધા પ્રસંગોમાં હાજરી આપે છે, અને પોતાના કાર્યથી પ્રભાવિત કરે છે. તેથી નીચેની યાદીના સભ્યોને યુનિયનમાં કૉ-ઓપ્ટ સભ્યો તરીકે લેવા વિનંતી.

| ક્રમ | નામ | વિષય | સત્ર |
|---|---|---|---|
| ૧ | ઉપાધ્યાય દ્રષ્ટિબેન જગદીશભાઈ | સમાજશાસ્ત્ર | ૫ |
| ૨ | ડિંડોર વિવેકકુમાર જશવંતલાલ | ઇતિહાસ | ૩ |
| ૩ | વણઝારા યુવરાજ ઢગલાજી | સમાજશાસ્ત્ર | ૩ |
| ૪ | વણઝારા કિરણ જેતાજી | ઇતિહાસ | ૩ |
| ૫ | માછી જયેશકુમાર મણીલાલ | અંગ્રેજી | ૩ |
| ૬ | મકવાણા નીતાબેન કાળુભાઇ | ગુજરાતી | ૩ |
| ૭ | પરમાર રોમાબેન ગોપાલભાઈ | હિન્દી | ૩ |
| ૮ | ચૌહાણ કૃપાલીબેન નરેશભાઈ | ગુજરાતી | ૩ |
| ૯ | ભોઈ પ્રિયાંશી ભરતભાઈ | અંગ્રેજી | ૩ |
| ૧૦ | ગરાશિયા વિમલકુમારી મહેશભાઈ | મનોવિજ્ઞાન | ૫ |

જી. એસ

રાઘવભાઈ. બી. ડામોર

ડે. જી. એસ

સત્યમકુમાર લબાના

એલ. આર

આંજણા પ્રિયા

ડે. એલ. આર

હેતલ ભોઈ

આચાર્ય શ્રી

પ્રિન્સિપાલ
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
સંતરામપુર-૩૮૯૨૬૦ જિ. મહીસાગર

1) Dr. S. V. Prajapati
2) Dr. Malini Gautam
3) Dr. A. G. Thakor
4) Dr. Kamini Dashora



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:16-10-2023

## (નવરાત્રી ની ઉજવણી અને ગરબા સ્પર્ધા )

આસો સુદ નવરાત્રિ એટલે સમસ્ત ગુજરાત જે લોકનૃત્ય માટે જાણીતું છે તે ગરબા નો માસ, તેથી જ આપણી કોલેજમાં CWDC અને વિદ્યાર્થીની યુનિયન દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

આ સ્પર્ધામાં ખેલૈયા હોય પારંપરિત વેશભૂષા માં આવી, પોતાનું રજીસ્ટ્રેશન કરાવી ઓળખ નંબર મેળવી, પોતાની ગરબા નૃત્ય કલા કળા નું પ્રદર્શન કરવામાં આવ્યું.

પ્રથમ સૌ વિદ્યાર્થીઓએ વહેલા 08:00 વાગ્યે કોલેજના કેમ્પસ પરિસરમાં આદ્યશક્તિ માં જગદંબાની આરતી કરી, ત્યારબાદ સૌ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન કરી ગરબા સ્પર્ધા પ્રતિયોગિતા માં ભાગ લીધો.


ALAP COMPLEX, COLLEGE ROAD, MODASA - 383315 (ARAVALLI)

બ્રેકિંગ ન્યુઝ:-/સંતરામપુર

સંતરામપુર આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે C W D C યુનિટ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું.

સંતરામપુર નગરમાં આવેલ આજરોજ 16/10/2023 ના રોજ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે C W D C યુનિટ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા સ્પધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મા અંબાની આરતી બાદ સ્પધાનો પ્રારંભ થયો હતો. સ્પધામાં નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના વડા ડો.શંકરભાઇ પ્રજાપતિ અને હિન્દી વિભાગના વડા ડો.આઇ.એલ.રાઠવાસાહેબે પોતાની સેવાઓ આપી હતી. કુલ છ વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન CWDC વિભાગના સંયોજક પ્રો.પારુલ દાણી અને સહ-સંયોજક ડો.માલિની ગૌતમ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના જી એસ રાઘવ ડામોર અને કોલેજના અન્ય વિદ્યાર્થીઓ સત્યમ લબાના, દૃષ્ટિ ઉપાધ્યાય, કિરણ, હેતલ ભોઇ વગેરેએ આયોજનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

રિપોર્ટર:-/સલમાન મોરાવાલા
સંતરામપુર.
મો,9427221409

ઐયુબ સુથાર/સલમાન મોરાવાલા



Edit with WPS Office

















Edit with WPS Office









Edit with WPS Office

ગરબા સ્પર્ધાના નિર્ણાયકોમાં

1)Dr.I.L.Rathava

2) Dr.Shanakr.V. Prajapati

વિશેષ યોગદાન આપ્યું. ગરબા હરીફોની એક થી ત્રણ નંબર આપવામાં તેમની ખરી પરીક્ષા આ સમયે થઈ હતી.

ગરબા સ્પર્ધાના અંતે આદિવાસી નું લોક નૃત્ય એવો ટીમલીનો સર્વે વિદ્યાર્થીઓએ આનંદ મળ્યો હતો.

અંતે CWDC ના અધ્યક્ષ એવાં

Prof. Parulben Dani(coordinator)

Dr. Malini Gautam(co-cordinator)

દ્વારા વિદ્યાર્થીઓને એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા, ગરબા સ્પર્ધા બહુ જ રોચક હતી તેથી નિર્ણાયકો દ્વારા એક થી ત્રણ નંબરમાં માટે બે બે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી. અને તેમને પ્રોત્સાહન ભેટ (રોકડ રકમ) આપવામાં આવી.






Edit with WPS Office

પ્રથમ નંબર

1.Labana Satyam Neharu bhai

2. Upadhyay Drashti Jagdish Bhai.

Bhet રૂપ:-1000 ₹

દ્વિતિય નંબર

1.Damor Raghav Babu bhai

2.Garod Jagruti ben

ભેટ રૂપ:-700 ₹

તૃતિય નંબર

1.Bhoi Hetal Arvind Bhai

2. Khushali Maheta

CDWC દ્વારા આયોજિત ગરબા સ્પર્ધા ના અયોજન માં વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓ મહત્વપૂર્ણ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે CWDC ને આભારીત છે.



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-04/10/2023

# (પ્રિન્સિપાલ સાહેબ ને જન્મદિવસ નિમિત્તે ભેટ)

આજરોજ વિદ્યાર્થીઓ યુનિયન દ્વારા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડો.અભય પરમાર સાહેબ ને તેમના જન્મદિવસ નિમિત્તે, જન્મદિવસની શુભકામનાઓ તથા તેવો સદૈવ સ્વસ્થ રહે એવી પ્રાર્થના સહ એક સુંદર ભેટ આપવામાં આવી.

આચાર્ય સાહેબ તથા કમીટીના ના ગુરુ જનોના આશિષ મેળવ્યા.






Edit with WPS Office










Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE: 06/01/2024

## (એકદિવસીય પ્રવાસ )

શીતકાળ (શિયાળો) એટલે પ્રકૃતિ અને વિવિધ સ્થળો ને જોવાનો અને માણવા નો સમય.

તેથી જ Adivasi Arts and Commarce College ના વિદ્યાર્થી યુનિયન દ્વારા

6 જાન્યુઆરી 2024 ના રોજ એકદિવસય પ્રવાસ નું અયોજન કરવામાં આવ્યું.





Edit with WPS Office



TOUR AND EXCURSION COMMITTEE

Prof.Nitin Pandya (coordinator)

Dr. Malini Gautam

Prof. D.D.Vasava

Dr.A.G.Thakor

Dr.M.G.Patel

Dr.Mukesh.B.Bhatt

**પ્રવાસ પર્યટન ની કમિટી ના અધ્યાપક શ્રી ઓ ની આજ્ઞા મેળવી.**

**પ્રવાસ ના સ્થળો, તારીખ, સમય અને પ્રવાસ ની ભોજન વ્યવસ્થા વિદ્યાર્થીઓ દ્વારા સૌની ની રુચિ મુજબ કરવામાં આવી.**



Edit with WPS Office








Edit with WPS Office

પ્રવાસ સ્થલ: 1 STATUE OF

UNITY

2 POICHA

આ એક દિવસીય પ્રવાસ માં

અધ્યાપક સાહેબો:-09

વિદ્યાર્થીઓ

ભાઈઓ:-58

બહેનો:-54

કુલ:-121

સવારે વેલા સંતરામપુર થી નીકળી Statue  of Unity (Kevadiya) માં વિશ્વ ની સૌથી ઊંચી (182 ફૂટ) એવી ભારત ના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમા નિહાળી તેમની ભવ્યતા અને એકતા ના રંગ માં તરબતોળ થયાં. સૌ વીદ્યાર્થીઓ ની ટીમ દ્વારા ગ્રૂપ ફોટો પણ યોજાયો.





Edit with WPS Office

ત્યાંથી બીજા સ્થલ ભગવાન શ્રી પુર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન ના મંદીર પોઇચા માં તેમના દિવ્ય સાનિધ્યમાં દર્શન કર્યા. ભગવાન ના બધાં અવતારો તથા મંદીર ની ભવ્ય (light) શોભા નિહાળી.

અંતે સૌ વિદ્યાથીઓ એ સમુહ માં સાથે ભોજન કર્યું. અને પ્રવાસ ને ભરભૂર આનંદ સાથે માણ્યો.

સહભાગી સાહેબ શ્રીઓ

Prof.Nitin Pandya (Coordinator)

Dr.A.G Thakor

Dr.Kamini Dashora

Dr.ishak sir

Clark Ishavar sir

Arjun Bhati sir

Magan kaka

Divya Ma'am

Nayana Ma'am

વિદ્યાર્થી પ્રતિનિધિઓ

Raghav Damor(G.S)

Vivek Dindor

(Camps Ambassador)

Hetal Bhoi(L.R)



Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:-10/01/2024(તૃતીય મિટિંગ)

આજરોજ વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓની તૃતીય મિટિંગ યોજાય, જેમાં 12 મી જાન્યુઆરીના રોજ ‘યુવા દિવસ’ની ઉજવણી નિમિત્તે ની ચર્ચા થઈ. જેમાં વિદ્યાર્થી યુનિયન ની કમિટી માં થી A.G. Thakor સાહેબ દ્વારા યુવા દિવસ ની ઉજવણી અંગે વિદ્યાર્થીની ને માર્ગદર્શન પૂરું પાડ્યું.

આજ રોજ જ અત્રે ની કોલેજ ના NAAC Coordinator તથા અંગ્રેજી વિભાગના અધ્યક્ષ એવા દેવરાજ નંદા સાહેબ ને તેમનાં જન્મ દિવસ ની શુભેચ્છાઓ પાઠવી તેમનાં શુભ આશિષ મેળવ્યા.





Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-12/10/2023(યુવા દિવસની ઉજવણી)

આજરોજ યુવાનોના નેતા એવા સ્વામી વિવેકાનંદ ની જન્મ જયંતી કે જેને સમગ્ર વિશ્વમાં યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તેની આજરોજ અત્રે ની કોલેજમાં યુવા દિવસની ઉજવણી તથા પુષ્પાંજલી નો કાર્યક્રમ ઉજવવામાં અવ્યો.

આજરોજ વિવેકાનંદ કેન્દ્ર, વડોદરા વિભાગ, સંતરામપુર કાર્યસ્થાના અધ્યક્ષ એવા શ્રી ભરતભાઈ ચૌહાણ નું મુખ્ય વક્તા તરીકે વ્યાખ્યાન યોજાયું.

કાર્યક્રમ નું સંચાલન રાઘવ ડામોર દ્વારા કરવામાં આવ્યું.

તથા અંતે સૌ ગુરુજનો તથા વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદ ની પ્રતિમાને પુષ્પાંજલિ આપી, તેમના વિચારોને પોતાના જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો. અંતે રાષ્ટ્રગીત પછી કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.





Edit with WPS Office


















Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-22/01/2024

# (ભગવાન શ્રીરામ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ)

આજરોજ વિદ્યાર્થી યુનિયન ના પ્રતિનિધિઓ દ્વારા આચાર્યશ્રી તથા કોલેજના ગુરુજનો ની ઉપસ્થિતિમાં, અયોધ્યા ધામમાં ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે, આપણી આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં, ભગવાન શ્રીરામનું પૂજન, વંદન, આરતી, હનુમાન ચાલીસા તથા ભજનો દ્વારા ખુબ ઉત્સાહ થી ઉજવવામાં આવ્યો.

આચાર્ય સાહેબ તથા અધ્યાપક ગુરૂજનો તથા વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ ભગવાન શ્રીરામ ની આરતી થઈ. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ભગવાન શ્રીરામ ના ભજનો,હનુમાન ચાલીસા નો પાઠ કરવામાં આવ્યો, અને ત્યારબાદ સૌને પ્રસાદી આપી આજના મંગળ દિવસને ગરબા રમી ઉજવ્યો.





Edit with WPS Office










Edit with WPS Office









Edit with WPS Office







Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-05/02/2024(ચતુર્થ મિટિંગ)

આજરોજ વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની આચાર્ય સાહેબ તથા વિદ્યાર્થીઓને કમિટીના સભ્યો ની ઉપસ્થિતિમાં NAAC માટે ની ચતુર્થી મીટીંગ યોજાઈ.

જેમાં આચાર્ય સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ની કોલેજ ના NAAC ના નિરીક્ષણને સફલ બનાવામાં શું ભૂમિકા છે? તે સમજાવી સૌને આ કાર્ય સફળ બનાવવા માટે પ્રોત્સાહન આપ્યું.















Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-14/02/2024(વસંત પંચમી ની ઉજવણી)

**વસંત પંચમી એટલે વિદ્યાની દેવી માં સરસ્વતી નું પ્રાગટ્ય દિવસ, અને ઋતુઓમાં ઋતુરાજ એવા વસંતનું આગમન, તેથી આજરોજ અત્રેની કોલેજમાં વિદ્યાર્થી યુનિયન દ્વારા વસંત પંચમી ની ઉજવણી કરવામાં આવી. જેમાં અધ્યાપક ગુરુજનો તથા વિદ્યાર્થીઓ દ્વારા મા સરસ્વતીને દીપ,તિલક તથા પુષ્પ દ્વારા પૂજન કરવામાં આવ્યું.**



**ગુજરાતી ભાગના અધ્યક્ષ એવા પ્રો.નીતિન પંડ્યા સાહેબએ વસંતનો મહિમા વિદ્યાર્થીઓ આગળ ગાયો.**

**તથા ડો. એ.જી.ઠકોર સાહેબએ આ કાર્યક્રમ ની આભાર વિધિ કરી.**



Edit with WPS Office







Edit with WPS Office






Edit with WPS Office







Edit with WPS Office







Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:-14/03/2024(વિદ્યાર્થી યુનિયન ની પાંચમી મીટીંગ)

આજરોજ વિદ્યાર્થીનીના પ્રતિનિધિઓની પ્રિન્સિપાલ સાહેબ તથા વિદ્યાર્થીઓનીયન કમિટીની ઉપસ્થિતિમાં NAAC અંગે ના માર્ગદર્શન માટેની મીટીંગ યોજવામાં આવી. જેમાં NAAC ના કોર્ડીનેટર ડો.દેવરાજનંદા સાહેબએ વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન પૂરું પાડ્યું.











Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-26/03/2023(ધુળેટી પર્વ ની ઉજવણી)

આજરોજ વિદ્યાર્થી યુનિયન દ્વારા રંગોનો તહેવાર એટલે કે ધુળેટી ની ધામધૂમતી ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનો પર તથા એકબીજા પર રંગ ગુલાલ તથા પાણી છાટીને ઉત્સાહ અને આનંદથી આ પર્વની ઉજવણી કરવામાં આવી.

વિદ્યાર્થીઓ દ્વારા આ પર્વ પર ટીમલી ની નૃત્ય તથા ગરબા રમવામાં આવ્યા. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. શંકર પ્રજાપતિ સાહેબ એ સમસ્ત વિદ્યાર્થીઓને ખજૂરનો મીઠો અલ્પાહાર કરાવ્યો.






Edit with WPS Office












Edit with WPS Office

# STUDENT UNION 2023-24

## DATE:-06/04/2024

## (વિદ્યાર્થી યુનિયન ની છઠ્ઠી મિટીંગ offline તથા Onlin)

આજરોજ વિદ્યાર્થી યુનિયન ના  પ્રતિનિધિ ની આચાર્ય સાહેબ તથા યુનિયન કમિટી ની ઉપસ્થિતિમાં આવનારા વાર્ષિક ઉત્સવ ને લઈને મીટીંગ યોજવામાં આવી. જેમાં વાર્ષિક ઉત્સવ અંગેનું નિયોજન તથા વિદ્યાર્થીઓ ની સેવા અને ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી.

વિદ્યાર્થી કમિટીના અધ્યક્ષ એવા ડો.શંકર ભજવતી સાહેબે વિદ્યાર્થીઓને તેમની ભૂમિકા તથા કામગીરી  વિશે માર્ગદર્શન આપ્યું.





Edit with WPS Office












Edit with WPS Office

# STUDENT UNION 2023-24(online meeting)











Edit with WPS Office

# STUDENT UNION 2023-24

# DATE:-14/04/2024

# (બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી ની ઉજવણી તથા વાર્ષિકોત્સવ)

**આજરોજ આદિવાસી કોમર્સ કોલેજ સંતરામપુરમાં ભારતના બંધારણના ઘડવૈયા એવા ડો. ભીમરાવ આંબેડકર ની જન્મ જયંતી ન તથા વાર્ષિક ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી.**

**આ શુભ પ્રસંગે ગુજરાતના આદિજાતિ વિકાસ, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી એવા માનનીય શ્રી કુબેરભાઈ ડીંડોર, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિ એવા પ્રતાપસિંહ ચૌહાણ, શ્રી ગુજરાત આદિજાતિ વિકાસ પરિષદ દાહોદ ના અધ્યક્ષ શ્રી વનરાજ ભાઈ ડામોર,અજય સોની ,દિપક ચાવડા સાહેબ વગેરે ઉપસ્થિતિ આપી.**






Edit with WPS Office

આજના આ ઉત્સવમાં ભારતના બંધારણના ઘડવૈયા એવા બાબાસાહેબ આંબેડકર ને પુષ્પ અર્પણ કરી તેમણે દેશ માટે કરેલા મહાન કાર્યોને યાદ કર્યા. તથા તેમના જીવનની મહાનતા  ને વંદન કરવામાં આવ્યું. તથા યુનિવર્સિટી કક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ તથા કોલેજના ચાલુ વર્ષના NCC,NSS  તથા લાઇબ્રેરી વગેરે વિભાગમાં યોગદાન આપેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યું.









Edit with WPS Office

**આજના આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સોલો ડાન્સ,ગ્રુપ ડાન્સ તથા ગરબા ડાન્સ રજૂ કરવામાં આવ્યો.**








Edit with WPS Office











Edit with WPS Office

આ કાર્યક્રમમાં સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ એવા ડો.શંકર પ્રજાપતિ તથા ડો.જાનકી શાહ દ્વારા કરવામાં આવ્યું અંતે ઇતિહાસ વિભાગ ના અધ્યક્ષ ડો.અમૃત ઠાકોર સાહેબ દ્વારા આભાર વિધિ કરવામાં આવી, ત્યારબાદ લુણાવાડા થી આવેલી સંગીત પાર્ટી દ્વારા સૌ વિદ્યાર્થી તથા અધ્યાપક સાહેબો એ ગરબા તથા ટીમલી નૃત્ય કર્યું તથા સૌ સમુહ ભોજન માટે જોડાયા.




💐💐💐💐💐💐💐💐💐💐💐


Edit with WPS Office